| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>Accredited Grade A by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,<br>યુનિવર્સિટીકેમ્પસ , યુનિવર્સિટી રોડ,<br>રાજકોટ – ૩૬૦૦૦૫<br>ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એક્સ ) ૨૧૪ | |
|---|---|---|

નં જોડાણ/૨/ ___ /૨૦૧૮ તા. ___-૦૮-૨૦૧૮

વિષય :- વર્ષ ૨૦૧૯-૨૦ માટે જોડાણ અરજી ઓનલાઈન કરવા બાબત.

સંદર્ભ :- (૧)અત્રેના પરિપત્ર નં. જોડાણ/૨/૧૨૭૭/૨૦૧૭ તા. ૬-૧૧-૨૦૧૭
(૨)અત્રેના પરિપત્ર નં. જોડાણ/૨/૧૯૮૪/૨૦૧૮ તા. ૦૨-૦૨-૨૦૧૮
(૩) અત્રેના પરિપત્ર નં. જોડાણ/૨/૨૫/૨૦૧૮ તા. ૦૩-૦૪-૨૦૧૮
(૪) અત્રેના પરિપત્ર નં. જોડાણ/૨/૨૫૭/૨૦૧૮ તા. ૪-૫-૨૦૧૮

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે અત્રેની યુનિવર્સિટીના ઓર્ડીનન્સ ૧૪૪ ની જોગવાઈ મુજબ માહે જુન – ૨૦૧૯ થી આગળના એક વર્ષ, ત્રણ વર્ષ અને પાંચ વર્ષના ચાલુ/વધારાના/કાયમી જોડાણ માટે નિયત ફી સાથે, નિયત તારીખ સુધીમાં જરૂરી ફી સાથે ઓનલાઈન અરજી નીચેના મુદ્દાઓ ધ્યાને લઇ અપલોડ કરવાની રહેશે. યુનિવર્સિટી દ્વારા જોડાણ વિષયક બાબતોનો સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે જેમાં વિગતો અપલોડ કરવા માટે સંદર્ભ પરના પરિપત્રોમાં દર્શાવ્યા મુજબ અત્રેની યુનિવર્સિટી ની વેબસાઈટ www.saurashtrauniversity.edu પર લોગીન થવાનું રહેશે.

૧. સલંગ્ન જે તે કોલેજની ચાલુ તથા વધારાના જોડાણની મુદત તા.૧૪-૬-૨૦૧૯ ના રોજ પૂરી થતી હોય તેવી કોલેજના આચાર્યશ્રીએ ઓર્ડીનન્સમાં દર્શાવ્યા મુજબની મુદતમાં જોડાણ મેળવવા માટે સોફ્ટવેરમાં નિયત અરજીપત્રકના પ્રોફોર્મા મુજબ સંપૂર્ણ વિગતો નિયત ફી સાથે અપલોડ કરવાની રહેશે.

૨. જે – તે કોલેજે હાલમાં ક્યા-ક્યા અભ્યાસક્રમોનું કાયમી/ચાલુ/વધારાનું જોડાણ કઈ મુદત સુધી મળેલ છે તેની વિગતો જોડાણ અરજીમાં અપલોડ કરવાની રહેશે.

૩. જે – તે કોલેજે અગાઉ ના વર્ષમાં નવા/વધારાના/ચાલુ જોડાણ મેળવવા અરજી કરેલ છે તથા કોઈ વિષય/અભ્યાસક્રમની યુનિવર્સિટી દ્વારા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરેલ હોવા છતાં રાજ્ય સરકારશ્રીની સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી મળેલ ન હોવાના કારણે તે વિષય/અભ્યાસક્રમ શીખવવાનો શરૂ કરવામાં આવેલ ન હોય તો તેની પણ વિગતો અરજીમાં દર્શાવવાની રહેશે.

૪. કોલેજ દ્વારા ક્યા ક્યા અભ્યાસક્રમો/વિષયો માટે જોડાણની અરજી કરેલ છે તે અરજીમાં સ્પષ્ટ પણે દર્શાવવાની રહેશે.

૫. કોલેજોના આચાર્યશ્રીઓએ જોડાણ અરજીમાં દર્શાવેલ અભ્યાસક્રમો/વિષયો(મુખ્ય/ગૌણ) તેમજ જોડાણના પ્રકારની જાતે ચકાસણી કરી જરૂરી ફી સાથે સમય મર્યાદામાં જોડાણ અરજી અપલોડ કરી તેની એક હાર્ડ કોપી યુનિવર્સિટીને મોકલી આપવાની રહેશે.

૬. ઓર્ડીનન્સ – ૧૪૪ મુજબ જોડાણ અરજી કરવાની સમય મર્યાદા નીચે મુજબ છે.

| ક્રમ | અપલોડ કરવાની છેલ્લી તારીખ | લેઈટ ફી સાથે અપલોડ કરવાની છેલ્લી તારીખ | લેઈટ ફી + પેનલ્ટી ફી સાથે અપલોડ કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| ૧ | ૩૧ – ઓગસ્ટ | ૩૦ – સપ્ટેમ્બર | ૩૧- ઓક્ટોબર |

૭. AICTE, NCTE, MCI વગેરે જેવી વૈદ્યાનિક સંસ્થાઓએ પણ વધારાના,ચાલુ,કાયમી જોડાણની અરજી અપલોડ કરવાની છેલ્લી તારીખ ક્રમ – ૬ મુજબ રહેશે.

૮. સંલગ્ન કોલેજની જોડાણ અરજી ઓનલાઈન જ અપલોડ કરવાની રહેશે. જો સંસ્થા દ્વારા અરજી ઓનલાઈન નહિ કરવામાં આવે તો માહે જુન – ૨૦૧૯ થી આગળના વર્ષના જોડાણો મેળવવા માંગતા નથી તેમ માની જોડાણ રદ કરવા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૯. ઓનલાઈન અરજીમાં માત્ર વધારાના,ચાલુ,કાયમી જોડાણોની જ માંગણી કરવાની રહેશે, સલંગ્ન કોલજમાં નવા અભ્યાસક્રમો/વિષયોની માંગણી કરવાની રહેશે નહિ.

કુલસચિવ

પ્રતિ,
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

નકલ સાદર રવાના:-
૧. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-
૧. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ ...)

K pariptr 18 21